# થરાદ ખાતે પ્રજાસત્તાક દિનની જિલ્લાકક્ષાની ઉજવણી યોજાશે

થરાદ, તા. ૬

આગામી તા. ૨૬ જાન્યુઆરી-૨૦૧૮ના રોજ પ્રજાસત્તાક દિનની જિલ્લાકક્ષાની ઉજવણી બનાસકાંઠા જિલ્લાના થરાદ મુકામે યોજાશે. પ્રજાસત્તાક દિનની ઉજવણી ભારે હર્ષ અને રાષ્ટ્રપ્રેમના માહોલમાં યોજાય તેના આયોજન માટે પાલનપુર ખાતે કલેક્ટર આર.જે. માકડીયાના અધ્યક્ષસ્થાને અધિકારીઓની બેઠક યોજાઈ હતી. કલેક્ટરે અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને સુચના આપી હતી. બેઠકમાં થયેલ ચર્ચા અનુસાર પ્રજાસત્તાક દિનની ઉજવણીને લક્ષ્યમાં લઈ થરાદ નગરમાં અને તમામ કચેરીઓમાં રોશની અને શણગાર કરવામાં આવશે તેમજ સ્વચ્છતા ઝુંબેશ દ્વારા જિલ્લાભરમાં સફાઈ કરવામાં આવશે. ઉજવણી પ્રસંગે રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવશે.

પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ તા. ૨૫ જાન્યુઆરીના સાંજે મશાલ રેલી યોજવામાં આવશે. તા. ૨૬ જાન્યુઆરીના રોજ યોજાનાર કાર્યક્રમ વિશે કલેક્ટરે વિસ્તૃત સમીક્ષા કરી હતી. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અમીત અરોરા, જિલ્લા પોલીસ વડા નીરજ બડગુજર, નિવાસી અધિક કલેક્ટર એલ.બી. બાંભણીયા, પ્રાન્ત અધિકારી થરાદ અને પાલનપુર, જિલ્લા પુરવઠા અધિકારી ચાવડા સહીત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સર્વોદય નાગરિક સહકારી બેંક દ્વારા ઈનામ વિતરણ સમારંભ યોજાયો

હિંમતનગર, તા. ૬

હિંમતનગર ખાતે ધી સર્વોદય નાગરીક સહકારી બેન્ક લી આયોજીત ઈનામ વિતરણ સમારંભ સભ્યો, ડૉ. ઝાકીર આખુનજી, ડૉ. હબીબભાઈ ભુરાવાલા, ડૉ. મો. રફીક વસીવાલા તેમજ વાલીઓ અને શહેરીજનોની હાજરીમાં ધો. ૧૨ કાર્નિવાલમાં ટુંકી દોડ, રનીંગ, દોરડા કુદ, કોથળા કુદ, ચેસ, રસ્સા ખેંચ, વોલીબોલ, ફૂટબોલ જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું.



રૂમી ઈંગ્લીશ સ્કૂલ ખાતે યોજવામાં આવેલ.જેમાં ખેડબ્રહ્મા ધારાસભ્ય અશ્વિણભાઈ કોટવાલ, જિલ્લા શિક્ષણ અધિકારી, આર.એસ. ઉપાધ્યાય, ચેરમેન સાબરકાંઠા ડીસ્ટ્રીક બેન્ક મહેશભાઈ પટેલ, રાજેન્દ્ર શર્મા, સર્વોદય નાગરીક સહકારી બેન્કના ચેરમેન અ. રઉફ સાબુગર એમ.ડી. મકબુલભાઈ પોથીગરા, બેન્કના ડીરેક્ટરો, એમ.એમ.આઈ. ટ્રસ્ટના ચેરમેન ગુલામમોહીયુદીન (બાબાભાઈ) હરસોલીઆ, મંત્રી અ. હકીમ હરાદવાલા, કારોબારી સભ્યો, પટણી સુન્ની જમાતના પ્રમુખ મો. ઈકબાલ મુતવલ્લી તથા કારોબારી વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ તથા એસ.એસ.સી.ના શહેરના ટોપ-૩ને મેડલ આપી નવાજ્યા હતા સાથે મદ્રેસા હાઈસ્કૂલ તથા રૂમી ઈંગ્લીશ સ્કૂલ ટોપ-૩ના વિદ્યાર્થીને મેડલ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા તથા સમાજના ડોકટરો, એન્જીનીયર, જીપીએસસી, પોસ્ટ ગ્રેજ્યુએટને મેડલ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

ખેલમહાકુંભમાં મદ્રેસા હાઈસ્કૂલના ૩૯ વિદ્યાર્થી તથા રૂમી ઈંગ્લીશ સ્કૂલના ૫૪ વિદ્યાર્થી જે રાજ્ય લેવલે પહોંચેલ વિદ્યાર્થીને મેડલ તથા ગીફ્ટ આપી સન્માન કર્યુ હતુ. આ પ્રસંગે રૂમી સ્પોર્ટસ મંડળના પ્રમુખ બાબાભાઈ હરસોલીઆએ પ્રેસ કોન્ફરન્સમાં સંસ્થાનો પરીચય આપ્યો હતો સાથે સેલ્ફ ફાઈનાન્સ રૂમી ઈંગ્લિશ સ્કૂલ જે સમગ્ર રાજ્યમાં સરકારશ્રીના ધારાધોરણ કરતા ઓછી ફી લઈ જી નેટનું કોચીંગ પુરૂ પાડે છે તેમ જણાવ્યુ હતુ.

આ પ્રસંગે રૂમીનેટર બુક ધારાસભ્ય અશ્વિણભાઈ કોટવાલના હસ્તે ખુલ્લુ મુકવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન રૂમી ઈંગ્લિશ સ્કૂલના પ્રિન્સિપાલ શહેનાઝબેન આખુનજી, મદ્રેસા હાઈસ્કૂલના આચાર્ય ઝહુરભાઈ મુતવલ્લી અને સ્ટાફ સભ્યોએ ખુબ જ સુંદર આયોજન કર્યું હતું.

# ભિલોડા તાલુકાના આંબાબાર-પાટીયા કુવા માર્ગ પરથી વિદેશી દારૂ ઝડપાયો

ભિલોડા,તા. ૬

ભિલોડા તાલુકાના આંબાબાર-પાટીયા કુવા માર્ગ



ઉપરથી રૂા.૮૧,૬૦૦/- નો વિદેશી દારૂ સહિત કુલ મુદ્દામાલ રૂા.૪,૮૧,૬૦૦/- નો મુદ્દામાલ પોલીસ ધ્વારા ઝડપાયો છે.

ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. એમ. આર. સંગાડાના જણાવ્યા મુજબ પરપ્રાંતિય વિદેશી દારૂ પાસ પરમીટ વગરનો વિદેશી દારૂનો જથ્થો મારૂતી સ્વીફ્ટ કાર નંબર.આર.જે.૨૭. સી.બી. ૨૧૧૩ માં ભરી વેચાણ અર્થે લવતો હતો.

પોલીસએ બાતમીના આધારે વિદેશી દારૂ અને કારનો મુદ્દામાલ ઝડપી લીધો હતો. વિદેશી દારૂ તથા બીયરની પેટી નંગ-૧૫ કુલ બોટલ-ટીન-૩૦૦ જેની કિંમત રૂા.૮૧,૬૦૦/- કારની કિંમત રૂા.૪,૦૦,૦૦૦/- કુલ મુદ્દામાલની કિંમત રૂા.૪,૮૧,૬૦૦/-નો ઝડપાયો હતો. વિદેશી દારૂની હેરાફેરી દરમ્યાન બે ઈસમો ઝડપાયા હતા ત્યારે બે ઈસમો ફરાર થઈ ગયા હતા. ભિલોડા પોલીસએ વિદેશી દારૂની હેરાફેરી કરતા ચાર ઈસમો ગોવિંદભાઈ જીવાભાઈ ડામોર, મહેશભાઈ પુનાભાઈ ડામોર, રમેશભાઈ રમણભાઈ ગામેતી, રાકેશભાઈ પટેલ વિરૂધ્ધ પ્રહિબિશન ઍક્ટ મુજબ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારના માર્ગો દેશી-વિદેશી દારૂની હેરાફેરી કરતા બુટલેગરો માટે સ્વર્ગ સમાન પુરવાર થઈ રહ્યા છે.

# આવતીકાલે પાલનપુરમાં પતંગ મહોત્સવની ઉજવણી

## ૧૧ દેશોના ૩૭ પતંગબાજો પાલનપુરના મહેમાન બની બનાસવાસીઓ સાથે આકર્ષક પતંગો ઉડાડશે

પાલનપુર, તા. ૬

ગુજરાતને પ્રવાસન ક્ષેત્રે આગવુ સ્થાન પ્રાપ્ત થાય તે માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ આવતીકાલ તા. ૮ જાન્યુઆરી, સોમવારના રોજ પાલનપુર મુકામે પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવની ઉત્સાહભેર માહોલમાં ઉજવણી કરવામાં આવશે.

આ પ્રસંગે ફ્રાન્સ, જર્મની, સ્પેન, ઈટલી, ઈન્ડોનેશીયા, બેલ્જીયમ, ડેન્માર્ક, હંગેરી વગેરે ૧૧ દેશોમાંથી ૩૭ ખ્યાતનામ પતંગબાજો પાલનપુર આવીને બનાસવાસીઓ સાથે આકર્ષક પતંગો ઉડાડી પોતાના કૌવતનુ નિદર્શન કરશે. ઉપરાંત મહારાષ્ટ્ર, દિલ્હી, બિહાર અને રાજસ્થાનથી ૧૮ પતંગબાજો આ મહોત્સવમાં સામેલ થશે. બનાસકાંઠા જિલ્લામાંથી હજારો વિદ્યાર્થીઓ અને પતંગરસીકો આ મહોત્સવમાં હર્ષભેર સામેલ થશે. પરિણામે પોલીસ પરેડ ગ્રાઉન્ડ પર દિવસભર હર્ષોલ્લાસ અને આનંદભર્યા માહોલની શાનદાર જમાવટ થશે.

આ મહોત્સવનું ઉદ્‌ઘાટન સવારે ૯ વાગે કેન્દ્રીય ખાણ, ખનીજ અને કોલસા રાજ્યમંત્રી હરીભાઈ ચૌધરીના હસ્તે કરવામાં આવશે. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે સિંચાઈ અને પાણી પુરવઠા રાજ્યમંત્રી પરબતભાઈ પટેલ ઉપસ્થિત રહેશે. પતંગ મહોત્સવની ભવ્ય ઉજવણી યોજવા કલેક્ટર આર.જે. માકડીયાની સુચના અને માર્ગદર્શન અનુસાર જિલ્લા વહીવટીતંત્ર દ્વારા વ્યાપક સુવિધાઓ કરવામાં આવી છે. સમગ્ર ગ્રાઉન્ડ ઉપર ગ્રીન નેટ પાથરવામાં આવી છે. પતંગ ઉડાડનાર લોકો અને દર્શકોને કોઈ



જ તકલીફ ન પડે તે માટે બેરીકેડીંગ સહીત તમામ સુવિધાઓ અને વિશાળ સંખ્યામાં આકર્ષક ધ્વજ વગેરે ઉભા કરીને પોલીસ પરેડ ગ્રાઉન્ડને આકર્ષક બનાવવામાં આવ્યું છે.

# થરાદ પોલીસે દારૂ ભરેલી મારૂતી ઝેન પકડી પાડી

થરાદ, તા. ૬

પોલીસ અધીક્ષક નીરજ બડગુજર સાહેબ બનાસકાંઠા પાલનપુરનાઓએ જીલ્લામા દારૂની બદી સંપુર્ણ પણે નેસ્ત નાબુદ કરવા આપેલ સુચના મુજબ તથા ના. એચ.૦૪ બી.ડી. ૨૪૪૧માં પરપ્રાંતિય દારૂ ભરી રાજસ્થાનમાંથી ગુજરાતમાં આવનાર છે તે બાતમી આધારે બેવટા ગામે નાકાબંધી કરી ઉપરોકત હકીકતવાળી ગાડી આવતા જેને કાચા નેળીયામાં પ્રાઈવેટ



પો.અધિ. એ.એચ. ચૌધરી, નાઓએ દારૂની બદી સંપૂર્ણપણે નેસ્તનાબુદ કરવા આપેલ સુચના આધારે અમો કે. એસ. ચૌધરી પો.ઈન્સ. થરાદ પો.સ્ટે તથા થરાદ પોલીસ સ્ટાફના માણસો તથા એસઆઈ પ્રતાપસિહ એચસી માનજીભાઈ પીસી અશોકભાઈ આજરોજ થરાદ પો.સ્ટે વીસ્તારમાં પેટ્રોલીંગમા હતા. દરમ્યાન અમોને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે એક મારૂતિ ઝેન ગાડી નં.એમ. વાહનથી બ્લોક કરી ગાડીનો ચાલક ગાડી મુકી ભાગી ગયેલ ઉપરોકત ગાડી ચેક કરતા પર પ્રાતિય વિદેશી દારુની પેટી નંગ -૧૬ મળી કૂલ બોટલ નંગ- ૭૬૮ કુલ કિ.રૂ.૭૬૮૦૦નો મુદ્દામાલ તથા ગાડીની કિ. રૂ.૧,૦૦,૦૦૦ની કૂલ મળી કુલ કિ. રૂ.૧,૭૬,૮૦૦નો મુદ્દામાલ મળી આવતાં તેના વિરૂદ્ધ પ્રોહી એકટ કલમ ૬૫ઈ,૯૮(૨), ૯૯ મુજબની ફરીયાદ લઈ ધોરણસર કાર્યવાહી કરેલ છે.

# પાલનપુરમાં ગેસના બાટલાની ચોરીનો આરોપી ઝડપાયો

પાલનપુર, તા. ૬

પાલનપુર શહેરમાં ઠંડીનો ચમકારો વધતાની સાથે જ તસ્કર



ટોળકી પણ સક્રિય બની છે. પાલનપુર શહેરના ગોબરી રીડ પર આવેલી ત્રિશલા પાર્ક સોસાયટીમાં બે દિવસ અગાઉ અશોકભાઈ મંડોરા રાત્રે પોતાના ઘરે નિત્યક્રમ મુજબ સવારે વહેલા ઉઠી ન્હાવા માટે બાથરૂમમાં જઈ ગરમ પાણી માટે ગીઝર ચાલુ કર્યું હતું. પરંતુ પાણી ગરમ ન થતા તેમને તેમના પાછળની ગેલેરીમાં કે જ્યાં ગીઝર સાથે ગેસનો બાટલો જોડેલો હતો ત્યાં તેમને નજરે પડ્યો નહોતો અને પછી તેમના ઘરના સીસીટીવી ફૂટેજ ચેક કરતા તેમને પોતાનો ગેસનો બાટલો ચોરી થઈ હોવાનું માલુમ પડ્યું હતું. આ અંગેની ફરિયાદ તેમને પાલનપુર શહેર પૂર્વ પોલીસ મથકમાં નોંધાવી હતી અને પોલીસ સ્ટાફ દ્વારા પણ ગણતરીના કલાકોમાં જ પાલનપુર શહેરના ખારાવાસ વિરબાઈગેટ વિસ્તારમાં રહેતો સમીરખાન ઈબ્રાહિમભાઈ નાગોરીને ઝડપી લઈ તેની પાસેથી ચોરી કરેલા ગેસના ૮ બાટલા કબ્જે કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

## થરાદ-વાવ હાઈવે પર અકસ્માત

થરાદમાં રોજની વધતી જતી અકસ્માતની ઘટનાઓ વચ્ચે વધુ એક અકસ્માત સર્જાયો નડાબેટથી નડેસવરી માતાના દર્શન કરી પરત ફરેલા ઝેરડા ગામના યુવકને અકસ્માત નડ્યો હતો. થરાદ વાવ હાઈવે આવેલા વાઢીયા વાસ નજીક નીલગાય વચ્ચે આવતાં બાઈક સ્લીપ ખાઈ ગયું હતું. બાઈક પર સવાર બે પૈકી એક યુવકને બાઈક સ્લીપ ખાતા ઈજાઓ પહોંચી હતી. ઝેરડા ગામના બળવંતભાઈ બાબુભાઈ ઝાદવ ઉ.વ ૨૩ ને ઈજાઓ થતાં પ્રાઈવેટ વાહન દ્વારા થરાદની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

# ખેડતસીયા રોડ પર ગાડીમાંથી ૧.૨૫ લાખ રોકડની ચોરી

હિંમતનગર, તા. ૬

હિંમતનગરના ખેડતસીયા રોડ પર શુક્રવારે પાર્ક કરેલ એક ગાડીમાંથી અજાણ્યો શખ્સ રૂ. ૧.૨૫ લાખ રોકડ તથા પાસબુક, ચેકબુક, પાનકાર્ડ સહિતના અન્ય દસ્તાવેજી પુરાવાર ભરેલી બેગ અજાણ્યો શખ્સ લઈને ભાગી ગયો હતો. જે અંગેની ફરીયાદ હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી.

આ અંગે નવિનભાઈ કસલ્યાણભાઈ ભાનુશાલીએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ શુક્રવારે તેમણે પોતાની ગાડી દુકાન આગળ પાર્ક કરી હતી. દરમ્યાન અજાણ્યો શખ્સ તેમની નજર ચુકવીને ગાડીમાંથી રૂ. ૧.૨૫ લાખ રોકડ તથા એક થેલામાં મુકેલ બેંકની બે પાસબુક, આધારકાર્ડ, પાનકાર્ડ, ચેકબુક તથા ચૂંટણીનું ઓળખપત્ર હતુ તે થેલો લઈને અજાણ્યો શખ્સ ભાગી ગયો હતો. જે અંગે નવિનભાઈ ભાનુશાલીએ અજાણ્યા શખ્સ વિરૂદ્ધ એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# હિંમતનગરમાં એક ભારત શ્રેષ્ઠ ભારત અંતર્ગત ગુજરાત અને છત્તીસગઢ વચ્ચે વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

હિંમતનગર, તા. ૬

એક ભારત હિંમતનગર એક ભારત શ્રેષ્ઠ ભારત અંતર્ગત ગુજરાત અને છત્તીસગઢ વચ્ચે વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. છત્તીસગઢના રગ્બી ખેલાડીએ આ મેદાન પર ઈન્ટર નેશનલ રગ્બીની રમત રમાઈ તેવી આશા પણ વ્યક્ત કરી હતી.

સાબરકાંઠાના હિંમતનગરના ભોલેશ્વર ખાતે આવેલ જીલ્લા રમત ગમત સંકુલ ખાતે શનિવારે અખંડ ભારતના શિલ્પી સરદાર પટેલના એક ભારત શ્રેષ્ઠ ભારત સ્વપ્ન સાકાર કરવા ભારતના પ્રધાનમંત્રીએ રાજ્ય રાજ્ય સબંધો વિકસે તેવા આશયથી આંતરરાજ્ય સ્પર્ધાઓનું આયોજન હાથ આવ્યું હતું. જીલ્લાના હિંમતનગરમાં ગુજરાત અને છત્તીસગઢ વચ્ચે મહિલા અને પુરુષ ખેલાડીઓ વચ્ચે બાસ્કેટ બોલ, કબડ્ડી, જંપ રોલ અને ખાસ આકર્ષણનું કેન્દ્ર બનેલી રગ્બીની રમતો રમાઈ હતી જેમાં આવેલા ગુજરાત અને છત્તીસગઢના ખેલાડીઓને મેદાન આકર્ષણ બન્યું હતું જેથી ખેલાડીએ ઈચ્છા વ્યક્ત કરી એટલે સુધી કહી નાખ્યું કે અહિયાં મેદાન પર ઈન્ટરનેશનલ રગ્બી રમાય તેવી આશા સેવી હતી. તો બીજી તરફ જીલ્લા રમત ગમત વિભાગ ધ્વારા તમામ વ્યવસ્થા વખાણી હતી. આ અંગે ગુજરાતના રગ્બી ખેલાડી ઉર્વીશ પટેલે જણાવ્યું હતું કે પ્રથમવાર રગ્બીની રમત પ્રથમ વાર અહિયાં રમાય છે અને વ્યવસ્થા પણ સારી છે. બીજી તરફ છત્તીસગઢના રગ્બી ખેલાડી પુકેશ્વરકુમાર ચંદ્રાકરે જણાવ્યું હતું કે અહીની વ્યવસ્થા સારી છે કોઈ ફરિયાદ નથી આ મેદાન પર ઈન્ટરનેશન રગ્બીની મેચ પણ રમી શકાય તેવું મેદાન છે બે થી ત્રણ વર્ષથી રગ્બી રમત રમું છુ પણ આવું મેદાન મેં ક્યાય દેખ્યું નથી. આમ શિયાળો



એટલે શારીરિક કસરત માટેનું ભાથું ગણાય છે. ખેલદિલી ભાવનાથી રમાયેલ રમત ખેલાડીઓમાં નવી ઉર્જા પેદા કરે છે જેનાથી શરીર સૌષ્ઠવતાની સાથે આંતરીક ગુણોને વિકાસ કરવાનું કામ કરે છે. ત્યારે હિંતનગરના આંગણે પ્રથમવાર એક આ સ્પર્ધાનું આયોજન કર્યુ છે જેમાં આવેલા ખેલાડીઓ વચ્ચે વિવિધ રમતોમાં સ્પર્ધા યોજાઈ હતી જેમાં વિજેતા ટીમને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યું હતું.

અગામી દિવસોમાં એક ભારત શ્રેષ્ઠ ભારત અંતર્ગત રમતો બીજા રાજ્યમાં યોજાશે જ્યાં વિજેતા ટીમ બીજા રાજ્ય સાથે રમશે આમ ખેલાડીઓની રમતો આકર્ષણ બને તેને લઈને નવા ખેલાડીઓને પ્રોત્સાહન મળે તેવો પ્રયત્ન સરકાર ધ્વારા થઈ રહ્યો છે. આ અંગે ગુજરાત રમત ગમત સચિવ અશોક રાવલે જણાવ્યું હતું કે છતીસગઢ ૯૬ ખેલાડીઓ સહીત ૧૦૫ અને ગુજરાતમાંથી ૧૨૦ ખેલાડીઓ સહીત ૨૨૦ રમતવીરોએ બાસ્કેટ બોલ, જમ્પ રોલ, કબડ્ડી અને રગ્બીની રમતમાં ભાગ લીધો હતો ખેલાડીઓને પ્રોત્સાહન માટે સર્ટીફીકેટ આપવામાં આવે છે. તો હવે સરકાર આવી અનેક સ્પર્ધાઓ કરે છે પરંતુ સ્પર્ધામાં વિજેતા બને ત્યારે જે સર્ટીફીકેટ મળે છે તે સર્ટીફીકેટ ખેલાડીઓને નોકરીમાં તેની ગણના થાય તો આ પ્રયત્ન યથાર્થ ગણાશે.

# ભિલોડા ધોલવાણી ત્રણ રસ્તા પાસેથી અર્ધનગ્ન હાલતમાં કિશોરી મળી આવી

ભિલોડા,તા.૬

ભિલોડા ધોલવાણી ત્રણ રસ્તા પાસેથી અર્ધનગ્ન હાલતમાં માસુમ બાળકી મળી આવતાં હિંમતનગર નારી સુરક્ષા કેન્દ્રમાં સેવાભાવી મહિલાઓ ધ્વારા મોકલાઈ હતી. એક તરફ મહિલાઓની સુરક્ષા અને સલામતી સંદર્ભે મોટી-મોટી ગુલબાંગો ફુકવામાં આવે છે. નારી સંરક્ષણ વાતો થઈ રહી છે ત્યારે મહિલાઓ અને માસુમ બાળકો સુરક્ષીત નથી તેવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

ભિલોડા-નવા ભવનાથ ગામના મહિલા સમાજ સેવિકા શ્રધ્ધાબેન ડી.જોષી, એડવોકેટના જણાવ્યા મુજબ ધોલવાણી ત્રણ રસ્તા પાસે અર્ધનગ્ન હાલતમાં કિશોરી મળી આવી હતી. કિશોરીની પુછપરછ કરતાં રંગે ઘઉંવર્ણી માસુમ બાળકી માત્ર તેનું નામ મેના બોલે છે ત્યારે વધુ માસુમ બાળકી કંઈજ બોલી શકતી નથી તેમ જાણવા મળેલ છે.



પુછપરછ કરતાં બાળકી કંઈજ બોલી શકતી નથી. આશરે ૧૬ વર્ષની કિશોરી હોવાનું અનુમાન છે. માસુમ બાળકી સાથે કંઈક અજુકતી ઘટના ઘટી હોવાના સંદર્ભે અનેક તર્ક-વિતર્ક થઈ રહ્યા છે જેના કારણે શ્રધ્ધાબેન જોષી, એડવોકેટ, સમાજ સેવિકા, મહિલા કાર્યકરો, સેવાભાવી લોકોએ કિશોરીને કપડા પહેરાવી, જમાડી માસુમ બાળકીને વધુ સુરક્ષા અર્થે નારી ઉછેર કેન્દ્ર, હિંમતનગર ખાતે રૂબરૂ મુકવા ગયા હતા.





## માલપુરના અનુસૂચિત સમાજે પુણેના શૌર્યદિન ઉજવણીના હુમલા અંગે મામલતદારને આવેદનપત્ર

મહારાષ્ટ્રના ભીમા કોરેગાંવમાં શૌર્યદિન નિમિત્તે ની ઉજવણીમાં કેટલાક અસામાજીક તત્વો અને મરાઠાઓએ હુમલો કરતા અને એક યુવકનું મોત નિપજતા તેના પડઘા સમગ્ર દેશમાં પડ્યા હતા અને અનુસૂચિત જાતીના લોકોમાં ભારે આક્રોશ ફેલાયો હતો. તેના પગલે શુક્રવારે અનુસૂચિત જાતી સમાજના લોકો દ્વારા રેલી સ્વરૂપે માલપુર તાલુકા મામલતદારને આવેદનપત્ર આપી રેલી પર હુમલો કરનાર જવાબદારો સામે સખ્ત કાર્યવાહી કરવામાં આવે અને તેમના સમાજના લોકો પર થતા અત્યાચાર બંધ થાય અને કાયદાની અમલવારી કડક કરવાની માંગ કરવામાં આવી હતી.